અપીલ અરજી નં.૩૯૫ તા.૧૨–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ એન. બથવાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન. બથવારની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી ઉન મેઈન રોડ, તિરૂપતી સોસાયટી સર્વે નં.૪૪૫ પૈકી પ્લોટ નં.જી–૨,૩ વેરાબીલમાં નામ અંગેના કબજા માલિકનાં નામ દાખલ કરવા અંગેના તમામ ડોકયુમેન્ટસ પેપરોની માહિતીની નકલો આપવા વિનંતી છે વિ.માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૫/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન. બથવારની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી ઉન મેઈન રોડ, તિરૂપતી સોસાયટી સર્વે નં.૪૪૫ પૈકી પ્લોટ નં.જી–૨,૩ વેરાબીલમાં નામ અંગેના કબજા માલિકનાં નામ દાખલ કરવા અંગેના તમામ ડોકયુમેન્ટસ પેપરોની માહિતીની નકલો આપવા વિનંતી છે વિ.માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૨–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે દફતરની વિગત નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨૪ તા.૨૧–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ અકણ/ આરટીઆઈ / ૧૧૧૯ તા.૨–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૬૨ તા.૧૩–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૦૭૪ તા. ૨૧–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા. ૧૨–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે આપવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૨૬૨ તા.૧૩–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવી તા.૧૨–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૦૭૪ તા.૨૧–૧૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ અરજદારને વિના મૂલ્યે (૧) રીકવીઝેશન ફોર્મની ઝેરોક્ષ નકલના પાના નંગઃ–૧ (૨) ગ્રામ પંચાયત ઉનના સને ૧૯૯૯–૨૦૦૦ ના નમુના (૮) ની ઝેરોક્ષ નકલના પાના નંગઃ–(૨) (૩) વેરા ભર્યા રસીદ નં.૧૮૦૫૩ તા.૬–૭–૦૬ ની ઝેરોક્ષ નકલના પાના નંગઃ–૧ (૪) જી.ઈ.બી. ના એપ્રિલ–૨૦૦૬ ના બીલની ઝેરોક્ષ નકલના પાના નંગઃ–૧ (૫) બીસમીલાહ બેકરી ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી રીયાસતઅલી મોહંમઈ આમીન તથા મોહંમદ અબરાર મુસ્તાક અહેમદે પ્લોટ નં.જી–૨ ની લખાવી લીધેલ કબ્જા રસીદની ઝેરોક્ષ નકલના પાના નંગઃ–૬ (૬) શ્રી રીયાસતઅલી મોહંમઈ આમીનએ પ્લોટ નં.જી–૨ ની લખાવી લીધેલ કબ્જા રસીદની ઝેરોક્ષ નકલના પાના નંગઃ–૪ (૭) શ્રી નઝીર નશીરખાને પ્લોટ નં.જી–૨ ની લખાવી લીધેલ કબ્જા રસીદની ઝેરોક્ષ નકલના પાના નંગઃ–૩ (૮) બીસમીલાહ બેકરી ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી રીયાસતઅલી મોહંમઈ આમીન તથા મોહંમદ અબરાર મુસ્તાક અહેમદે પ્લોટ નં.જી–૩ ની લખાવી લીધેલ કબ્જા રસીદની ઝેરોક્ષ નકલના પાના નંગઃ–૬ (૯) શ્રી રીયાસતઅલી મોહંમઈ આમીનએ પ્લોટ નં.જી–૩ ની લખાવી લીધેલ કબ્જા રસીદની ઝેરોક્ષ નકલના પાના નંગઃ–૫ (૧૦) શ્રી રેહાના નઝીરખાને પ્લોટ નં.જી–૩ ની લખાવી લીધેલકબ્જા રસીદની ઝેરોક્ષ નકલના પાના નંગઃ–૩ તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. પૂરક વિગતોમાં અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી ધ્વારા સ્પષ્ટતા કરેલ છે કે ત્રાહિતની માહિતી છે પરંતુ સમય મર્યાદાને અનુલક્ષી તેવી પ્રક્રિયા અનુસર્યા વિના અરજદારને વિના મુલ્યે માહિતી પૂરી પડાયેલ છે. આથી અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર